## ખૂણે ખાંચરેથી

● ગાંધીનગર મનપાના કાઉન્સીલર શ્રી સુરેશ મહેતા સસરા બન્યા છે. તેમના મોટા દિકરા કુલદીપની સગાઈ કલોલની ડૉ. મેઘા સાથે આજે કરવામાં આવી છે. ● ગાંધીનગર મનપાના ભાજપના કાઉન્સીલર શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા સિમલાના પ્રવાસે એક સપ્તાહ માટે જઈ રહ્યા છે. ● સે-૭ના રહીશ શિલ્પાબેન કાર્તિકભાઈ પટેલે આજે ઉમતાથી ઊંઝા સુધીની પદયાત્રા કરી પોતાની માનતા પુરી કરી છે. ● છેલ્લા ૨૨ દિવસમાં ગાંધીનગરમાં બે વાર કમોસમી વરસાદ નોંધાયો છે. ● આજે મધર્સ ડે હોવાથી ગાંધીનગરના બાળકલાકારોએ ૧૫ દિવસની તાલિમના અંતે કલરવ બાલોત્સવની ઉજવણી કરી અનોખી સરસ્વતી વંદના કરી હતી. ● ભાજપના કાઉન્સીલર શ્રીમતી રમીલાબેન પરમારના સસરા શ્રી ડાહ્યાભાઈ પર એક જ માસમાં ત્રણ ત્રણ વાર સર્જરી કરવામાં આવી છે. ● ગઈકાલે પ્રસિધ્ધ નવલકથાકાર પન્નાલાલ પટેલની પ્રસિધ્ધ નવલકથા 'મળેલા જીવ'ના નાટય રૂપાંતરનો પ્રયોગ ગાંધીનગર ટાઉનહોલમાં થયો હતો. આ પ્રયોગ શરૂ થતાં પૂર્વે જ નિર્માતા નિર્દેશક નિમેષ દેસાઈના પિતાજીનું અવસાન થયાના સમાચાર મળતાં તેમણે કલાકારોને શો મસ્ટ ગો-ઓનનો સંદેશ આપી રવાના થયા હતા પરંતુ નાટય પ્રયોગ બાદ ઉપસ્થિત કલાકારો, પ્રેક્ષકો અને અધિકારીઓએ બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ આપી હતી.

## ઘ-૬ થી કોલવડા જવાના ફૂટપાથ પર ઝૂંપડાવાસીઓનો કબજો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના ઘ-૬ રોડથી કોલવડા જવાના રસ્તા પર છેલ્લા ઘણા સમયથી બેઘર લોકોએ પોતાના ઝૂંપડા બનાવી દીધા છે. ઝૂંપડા બનાવવા તરફ કોઈનો વાંધો નથી પરંતુ આ રોડને ગંદકીનું ધામ કરી દેતા સ્થાનિકજનો નારાજ છે.

ઘ-૬ થી કોલવડા જવાના રસ્તા પર નવો ફૂટપાથ તૈયાર કરવામાં આવ્યો છે. આ ફૂટપાથ પર બેઘર લોકોએ પોતાના રહેવા માટે ઝૂંપડા બાંધી દીધા છે. આસપાસના વિસ્તારમાં ક્યાંય શૌચાલય ન હોવાથી ગરીબ બાળકો દિવસે આ રસ્તા ઉપર શૌચક્રિયા કરે છે અને રાત્રે મોટેરાઓ આ રસ્તાને ગંદકીભર્યો કરી દે છે. એકબાજુ આ રસ્તા પર ઝૂંપડા બનવાથી રસ્તો એકદમ પેક થઈ ગયો છે. અને બીજીબાજુ ત્યાં ગંદકીનો ઉપદ્રવ વધી ગયો છે. પરિણામે ઘ-૬ થી કોલવડા તરફનો રસ્તો ખૂબ જ દુર્ગંધ યુક્ત અને ભરચક લાગે છે. તંત્ર આ બાબતે યોગ્ય કામગીરી કરે અને સ્વચ્છતા આદરે તેવી સ્થાનિકજનો વિચારી રહ્યા છે.

## શનિવારની રાત્રે શહેરમાં ૧૦ મિમી પાણી પડયું

ગાંધીનગર, તા.૧૩

ગઈકાલે સાંજે ગાજવીજ સાથે ગાંધીનગરમાં માવઠું પડયું હતું. માવઠા બાદ ગરમીમાં રાહત મળી છે. મહત્તમ તાપમાન ત્રણ ડિગ્રી જેટલું ઘટી ગયું છે. ગઈકાલે અડધા કલાકના ઝાપટામાં ૧૦ મી.મી. પાણી પડયું હોવાનું નોંધાયું છે.

ભર ઉનાળે ગઈકાલે સાંજે વરસાદી માહોલ છવાયો હતો. ગાજવીજ અને પવન સાથે લગભગ અડધા કલાક સુધી સારું એવું ઝાપટું પડયું હતું. ૧૦ મી.મી. જેટલું વરસાદી ઝાપટું પડયું હતું અને ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાયા હતા રાત્રે વરસાદ રોકાઈ ગયો હતો અને તાપમાન ઘટયું હતું. મહત્તમ તાપમાન ૩૮.૦ ડિગ્રી જેટલું નોંધાયું હતું.

## ગાંધીનગર શહેરના શિક્ષિત નાગરિકોમાં જાગરૂકતાનો અભાવ

### કચરાપેટીમાં કચરો નાખવાના બદલે બાજુમાં નંખાય છે : અસહ્ય ગંદકી અને દુર્ગંધથી રોગચાળાની દહેશત

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ રહે તે માટે તંત્ર દ્વારા અનેક પ્રયાસો કરાય છે. પરંતુ સ્થાનિક રહીશોની બેદરકારી કે જાગૃતતાના અભાવે રળીયામણાં શહેરમાં અસહ્ય ગંદકી અને દુર્ગંધથી ખદબદે છે. વહીવટી તંત્ર સેકટરોમાં કચરાપેટી મુકી કચરો એકત્રિત કરે છે. પરંતુ સ્થાનિક રહીશો કચરો અને એઠવાડ કચરાપેટીમાં નાખવાના બદલે દુરથી જ ફેકી આજુબાજુ વેરણ-છેરણ થાય તે રીતે નાખી જાય છે. તેથી જે તે સ્થળે અને વાતાવરણ દુષિત બની રોગચાળાની દહેશત ફેલાવે છે. માટે આ અંગે વહીવટી તંત્રે દંડાત્મક કાર્યવાહી શરૂ કરવી જોઈએ. તેવી માંગ જાગૃત નાગરિકો કરી રહ્યા છે.

રાજ્યભરમાં શ્રેષ્ઠ શહેર તરીકે જેની ગણના થાય છે. તે ગાંધીનગર રહીશોની સામાન્ય બેકાળજીથી વગોવાઈ રહ્યું છે. શહેરના દરેક સેકટરોમાં જરૂર જણાઈ છે ત્યાં વહીવટી તંત્રએ કચરાપેટી મુકી છે. જેમાંથી રહીશોના કચરાનો સુવ્યવસ્થિત નિકાલ થાય છે. પરંતુ કેટલાક બેદરકાર રહીશો આ વ્યવસ્થાને નજર અંદાજ કરી કચરો કચરાપેટીની આજુબાજુ છુટ્ટો ફેંકી દે છે. જેથી રખડતાં કુતરા, ગાય અને ભુંડ વગેરે પ્રાણીઓ તેમાં ફરી ખોરાકની શોધ કરે છે. દરમ્યાન મળ, મૂત્ર અને કચરાની અહીં ખતરનાક ગંદકીનું સામ્રાજ્ય ફેલાય છે.

અસહ્ય ગંદકી અનેદુર્ગંધથી આજુબાજુના વિસ્તારમાં મચ્છર અને દુષિત વાતાવરણ સર્જાય છે. જેથી નજીક રહેતા રહીશોમાં રોગચાળાની દહેશત ઉભી થાય છે. મેલેરિયા, કમળો, ડાયેરીયા જેવા આક્રમક રોગોની મૂળ ગણાતી આ સ્થિતિ જાગૃતતાના અભાવે પેદા થઈ રહી છે. માટે વહીવટી તંત્રએ આ બાબતે સખ્ત પગલાં લઈ ગંદકી ફેલાવતા રહીશો વિરુધ્ધ કડક કાર્યવાહી કરવી જ રહી. અન્યથા ગાંધીનગર શહેર નર્કાગારની સ્થિતિમાં તબદીલ થઈ તેની સુંદર શહેરની નામના ગુમાવી દેશે તેવો મત જાગૃત નાગરિકો વ્યક્ત કરી રહ્યા છે.

## વિરાટનગર કો-ઓપ. સોસાયટીમાં અસામાજિક તત્ત્વો અને ગંદકીનો ત્રાસ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર કડી સર્વ વિદ્યાલય અને ગુરુકુળ વિદ્યાલય સે. ૨૩માં આવેલી છે. આ શિક્ષણ સંસ્થાઓથી થોડા આગળ જતાં વિરાટનગર કો.ઓ. સોસાયટી આવેલી છે. સેકટર-૨૩ના વિસ્તારની આ સોસાયટી આગળ અસામાજિક તત્વો અને ગંદકીનો ત્રાસ વધી ગયો છે. જેનાથી સ્થાનિક રહીશો ખૂબ જ પરેશાન છે અને આ બાબતે યોગ્ય કામગીરી કરવા તંત્રને જણાવે છે. ખાસ તો વિરાટનગરમાં મોટો બગીચો આવેલો છે. પરંતુ આ બગીચો વેરાન બની ગયો છે. તેની યોગ્ય માવજત કરાઈ નથી. દેખરેખ રખાઈ નથી.

સંસ્કારી નગરી અને વિદ્યાનગરીની ઓળખ ઊભી કરવા મથતા ગાંધીનગરમાં કેટલાક વિસ્તારો કાળા દાગ સમાન છે. સેક્ટર-૨૩ના વિરાટનગરમાં કેટલાક લબૂર મૂછીયાઓ, રોમિયો અને ખાસ કરીને ગૂંડાગીરી કરતા જુવાનીઓ છેલ્લા ઘણા સમયથી સ્થાનિક વિસ્તારની છાપને બગાડી રહ્યા છે. પત્તા ટીચવા, જુગાર રમવો, દારૂની બોટલો તોડવી, ગમે ત્યાં પાન મસાલાની પિચકારીઓ મારવી અને સિગારેટના ધૂમાડા કાઢવા આ જુવાનીયાઓના શોખ છે. શાળાએ જતી છોકરીઓની છેડતી કરવી, ધમાલ-મસ્તી કરવી, બાઈક રફ ચલાવવું, મોટેથી હોર્ન મારવા, ગમે ત્યારે ટોળેટોળામાં ઊભા રહેવું, ગાળો બોલવી, એકબીજાને મારા-મારી કરવી જેવા અનેક કૃત્યો કરતા નજરે ચઢે છે.

સોસાયટીની સ્વચ્છતા બાબતે પણ કોઈ જરૂરી પગલા લેવાયા નથી. આસપાસ પાણીની રેલમછેલ કે પછી ગાયો-ભેંસોના પોદળા કે પછી કચ્ચરપટ્ટીના ઢગલા થયેલા અહીં જોવા મળે છે. કચરાપેટીનો યોગ્ય ઉપયોગ થતો નથી. ગમે ત્યાં એઠવાડો નખાય છે. પરિણામે ગંદકી થાય છે.

તંત્ર વિરાટનગરના રહીશોને સફાઈની બાબતમાં અને અસામાજિક તત્વોની બાબતમાં મદદરૂપ થાય તેવું ઈચ્છી રહ્યું છે.

## ઈન્દ્રોડા ખાતે માતૃ-બાળ કલ્યાણ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

નેશનલ મેડીકોઝ ઑર્ગેનાઈઝેશન તથા શ્રી અન્નપૂર્ણા ખાદી ગ્રામોદ્યોગ સંઘ દ્વારા આયોજિત માતૃ-બાળ કલ્યાણ (તપાસ) કેમ્પ તથા બાળ તંદુરસ્તી કેમ્પનું આયોજન જિલ્લાના ઈન્દ્રોડા ગામની પ્રાથમિક શાળા ખાતે તા. ૧૨ મે ને શનિવારના રોજ કરવામાં આવ્યું હતું.



સંઘના પ્રમુખ ભારતીબેન શુક્લએ કેમ્પમાં પોતાની તબીબી સેવાઓ આપવા આવેલા ડૉ. પ્રદીપભાઈ ભાવસાર, ડૉ. વિપુલભાઈ ચૌહાણ, ડૉ. ગિરીશભાઈ મકવાણા, ડૉ. અતુલભાઈ પ્રજાપતિને આવકાર્યા હતા.

પાંચાવન મહિલાઓ અને વીસ બાળકોને આ કેમ્પ અંતર્ગત તબીબી તપાસનો લાભ આપવામાં આવ્યો હતો.

આંગણવાડી કાર્યકર હંસાબેન ઠાકોર, કોકિલાબેન પરમારે આ કેમ્પ માટે પોતાનો સહયોગ આપ્યો હતો.

ગામના આગેવાન ભરતજી ઠાકોર, અનિલભાઈ ઠાકોર, ઉમેદભાઈ ઠાકોર, અશોકજી ઠાકોર તથા સંસ્થાનાં બહેનો હંસાબેન, સરોજબેન વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવી હતી.

## સે.૨૩નાં ૪૮ મકાનો કૉન્ટ્રક્ટર્સના ઝઘડાને કારણે ખંડેર હાલતમાં

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના સેક્ટર-૨૩માં બી ટાઈપના ૪ બ્લોક છેલ્લા ઘણા સમયથી ખંડેર હાલતમાં પડ્યા છે. ૪ બ્લોકના ૪૮ મકાનો કોન્ટ્રક્ટરોના ઝગડાને કારણે ખાલીખમ પડ્યા છે. અડતાલીસ પરિવારોને રહેણાંક આપી શકે તેવા મકાનો હાલમાં એકદમ ખંડેર જેવા બની ગયા છે.

કોન્ટ્રક્ટરોના ઝગડાને કારણે સેકટર-૨૩માં બી ટાઈપના ૪ બ્લોકના ૪૮ મકાનો ખાલી પડ્યા છે. જેમાં અસામાજિક લોકો તેનો દુરુપીયોગ કરે છે. ખાલી મકાનમાં ઘણીવાર લોકો શૌચક્રિયાઓ કરી ગંદકી કરે છે તો કેટલાક લોકો પત્તા રમી જુગાર ખેલે છે. ક્યારેક આસપાસના બેઘર લોકો અનીતિના કામ આચરે છે.

પ્રાપ્તવિગતો અનુસાર ૪ બ્લોકના ૪૮ મકાનોમાંથી લોખંડનો તમામ સામાન લોકો કાઢી ગયા છે. ટેકાના મુકેલા થાંભલાઓ પણ ઉઠાવી ગયા છે. હજારો રૂપિયાનો લોખંડનો માલ લોકો ચોરી ગયા છે. આસપાસના રહેણાંક વિસ્તારમાં લોકોની અવરજવર ભરચક છે જ્યારે આ ડી બ્લોકમાં સાવ સૂમસામ છે. ક્યારેક અંધારામાં આ વિસ્તાર ભૂત બંગલા જેવો લાગે છે. 'સોનાની થાળીમાં લોઢાની મેખ' જેવા આ વિસ્તારમાં લોકોની એવી માંગણી છે કે આ ૪૮ મકાનો સાફ કરાવાય અને ત્યાં રહેણાંક શરૂ કરાય તેવી સૌની માંગણી છે.

## ઘ-૪નો વિસ્તાર ઉનાળે ભરચક બન્યો

### વિધાનસભાથી મહાત્મા મંદિર સુધીનો બે કિલોમીટર લાંબો બગીચો ગરમીમાં વસાહતીઓને રાહત આપી રહ્યો છે

ગાંધીનગર, તા. ૧૩

એક સમયે ઘ-૫નો વિસ્તાર શહેરનું હાર્દ ગણાતો પરંતુ હવે તે સ્થાન ઘ-૪ સર્કલે લઈ લીધું છે. ઉનાળાની ગરમીમાં ઘ-૪ સર્કલે આંટો મારવા જાઓ તો જાણે મેળો લાગ્ય હોય તેવું દૃશ્ય સર્જાયું છે. વેકેશન હોવાથી વિધાનસભાથી છેક મહાત્મા મંદિર સુધીનો બે કિલોમીટર લાંબો વિસ્તાર બાળકો અને યુવાનોની ચહલપહલથી એકદમ જીવંત લાગે છે.

શહેરમાં ઠેર-ઠેર પથરાયેલી લીલોતરીયે ચોમાસા દરમિયાન શહેરને એક આગવું સૌંદર્ય પ્રાપ્ત થાય છે તો ઉનાળામાં શહેરના બગીચાઓ શહેરની રોનક બની જાય છે. આકરા તડકામાં આખો દિવસ ભલે શહેરના બગીચાઓ સૂમસામ રહેતા હોય છે પરંતુ, સાંજે બગીચાઓમાં ભીડ જામતી જાય છે. ખાસ કરીને નવા બગીચાઓ અને ઘ-૪ સર્કલની આસપાસ વિકાસ પામેલા બગીચામાં એટલી બધી ચહલપહલ વધી જાય છે કે જાણે મેળો લાગ્યો હોય તેવું જ લાગે. સેકટર-૮, સેકટર-૨ અને સેકટર-૧ ના બગીચાઓની અવરજવર રહે છે. ચાલવા નીકળનારાઓ રાત્રે જ ટહેલવા નીકળે છે. તો તેમની સાથે બાળકો પણ બગીચાઓમાં બેડમિન્ટન, ક્રિકેટ, વૉલીબૉલ, જેવી રમતો રમે છે. જયારે સાવ નાના બાળકો હિંચકા અને લપસણીનો આનંદ માણતા નજરે પડે છે.

જો કે, વસાહતીઓમાં સૌથી વધુ ફેવરીટ તો ઘ-૪ નો બગીચો જ છે. શિયાળા અને ચોમાસામાં ભલે તે સૂમસામ રહે પરંતુ ઉનાળામાં તો વસાહતીઓ અહીં જ આવવાનું પસંદ કરે છે. કેટલાક વસાહતીઓ તો ઉનાળાની આખી સિઝન દરમિયાન દરરોજ જમ્યા બાદ અહીં જ આવીને સમય પસાર કરે છે. વિધાનસભાથી છેક મહાત્મા મંદિર સુધીના બગીચામાં બાળકો અને યુવાનો જ નજરે પડે છે. ગાંધીનગરમાં રાત્રે ફરવાલાયક સ્થળો ન હોઈ ઘ-૪ ના બગીચામાં જ વધુ ભીડ જોવા મળે છે.

ગયા વર્ષે જ ઘ-૪ થી મહાત્મા મંદિર સુધીના વિસ્તારનો વિકાસ કરવામાં આવ્યો હતો. અહીં બેઠક વ્યવસ્થા સુંદર છે અને સાથે જ બાળકોને રમવા માટે ખુબ ખુલ્લી જગ્યા મળથી હોવાથી દૂરના સેકટરોમાંથી પણ અહીં વસાહતીઓ રાત્રે બેસવા આવે છે. મહાત્મા મંદિરની સામે જ જે માર્ગ બનાવાયો છે તે સિમેન્ટના બ્લૉક્સમાંથી બનાવાયો હોઈ સ્કેટીંગ શીખતાં કેટલાંક બાળકો અહીં નિયમિત આવે છે અને સ્કેટીંગ પ્રેક્ટિસ કરે છે.

જયાં વસાહતીઓની આટલી બધી અવરજવર હોય ત્યાં જાતભાતની ચીજવસ્તુઓ વેચતાં ફેરિયાઓ આવી જ જાય, ઉનાળો છે એટલે ગરમીથી રાહત આપતા બરફ ગોળા, સોડા, આઈસ્કીમ, કુલ્ફીઓની લારીઓ અહીં સાંજથી જ અડિંગો જમાવી દે છે. છેક સાથે જ બાળકોને ગમતાં રમકડાંઓ વેચતાં ફેરિયાઓ તો બગીચામાં જ આંટાફેરા જ કર્યા કરે છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૦૫.૫૮
સૂર્યાસ્ત : ૦૭.૧૭

### તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૩૮ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧ :** ઈશકઝાદે : ૧૨.૧૫, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫
**સ્ક્રીન-૨ :** ઈશકઝાદે : ૧૦.૦૦
ડેનજર્સ ઈશ્ક : ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૩૦
ધ એવેન્જર (હિન્દી) : ૫.૩૦
જન્નત ૨ : ૮.૦૦
**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૩૦, ૬.૪૫
ઈશકઝાદે : ૧.૩૦, ૪.૦૦
જન્નત -૨ : ૧૦.૧૫
**સ્ક્રીન-૪ :** ડેનજર્સ ઈશ્ક : ૧૦.૦૦, ૫.૧૫, ૭.૪૫
જન્નત ૨ : ૧૨.૩૦, ૧૦.૧૫
ઈશકઝાદે : ૨.૪૫
વીકી ડોનર : ૩.૦૦

**સિને મેક્સ**

**સ્ક્રીન-૧ :** ડેનજર્સ ઈશ્ક ૩-ડી(હિન્દી) :૯.૪૫,૩.૦૦, ૫.૩૦
ધ એવેન્જર (હિન્દી) : ૧૨.૧૫, ૮.૦૦, ૧૦.૪૫
**સ્ક્રીન-૨ :** જન્નત -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૬.૦૦
ધ રેડ રીડેમશન (હિન્દી) : ૮.૩૦
ડેનજર્સ ઈશ્ક : ૧૦.૩૦
**સ્ક્રીન-૩ :** ઈશકઝાદે :૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫
જન્નત -૨ : ૯.૩૦
**સ્ક્રીન-૪ :** ઈશકઝાદે :૯.૧૫, ૮.૦૦, ૧૦.૪૫
ડેનજર્સ ઈશ્ક : ૧૨.૦૦
ધ રેડ રીડેમશન (હિન્દી) : ૨.૪૫, ૫.૦૦

**સૂર્યા, વાવોલ**

ડેનજર્સ ઈશ્ક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સાથી રે સાથ ના છૂટે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** કટુંબીજનોનો સહયોગ અને સારા સંબંધઓને કારણે લાભ અને ઉન્નતિનો માર્ગ મોકળો થતો જણાય. યાત્રા અને મનોવિનોદમાં સમય પસાર થશે. પ્રસન્નતાનું વાતાવરણ જણાવાઈ રહે.

**વૃષભ :** સંગીતના ક્ષેત્રમાં રુચિ વધશે. વેપાર- ધંધામાં વૃદ્ધિ થઈ શકે છે. વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થઈ શકે છે.

**મિથુન :** સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. ગ્રાહકો સાથે મધુર સંબંધ જળવાઈ રહેશે. સુખ- સમૃદ્ધિમાં વધારો થવાથી અનેક અટવાયેલા કાર્યો સમય પર પૂર્ણ થઈ શકશે.

**કર્ક :** નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખી કાર્ય કરવું. ઘરમાં મહેનાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાયમાં દિવસ મધ્યમ રહેશે. તમે ધાર્મિક કાર્યો તરફ પ્રેરાશો.

**સિંહ :** આવતા ગુસ્સા અને આવેશ ઉપર સંયમ બનાવી રાખવો હિતકારી રહેશે. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. વેપાર અર્થે પ્રવાસનું આયોજન થઈ શકે છે. નવા સંબંધો મધુરતા લાવશે.

**કન્યા :** સામાજિક ક્ષેત્રથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં ધાર્મિક કાર્યો કરી શકશો તથા તેમાં ભાગ લેવા માટે જોડાશો. કુટુંબીજનો સાથે સમય વિતાવી શકશો.

**તુલા :** સામાજિક ક્ષેત્રમાં પ- પ્રતિષ્ઠામાં વધારો સૂચવે છે. મકાન- જમીન ખરીદીની ચર્ચાઓ થઈ શકે છે. ખર્ચ- પ્રવાસ વગેરેનો યોગ.અટકાયેલા કાર્યોમાં મિત્રોનો સહયોગ મળી શકે છે.

**વૃશ્ચિક :** આર્થિક ક્ષેત્રના સ્રોતમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. રાજકીય ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિનો યોગ. રોગ સંબંધી નિવારણાર્થના કાર્યો માટે યાત્રા- પ્રવાસનો યોગ.

**ધન :** જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ વધારો થઈ શકે છે. જીવનસાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**મકર :** વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા અવ્યશ્ય પ્રાપ્ત થશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે. વધુ પ્રયત્ન કરવો પડશે.

**કુંભ :** તમારા થકી થયેલા કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશનો યોગ બનશે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું હિતાવહ રહે. તમારા રહેલ અડગ આત્મવિશ્વાસ સાથે આગળ વધવું.

**મીન :** સંતોષપ્રદ વાતાવરણ જળવાઈ રહે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે .વિચારેલું કાર્ય સમય પર પૂર્ણ થઈ શકે છે. નોકરી- વ્યવસાયક્ષેત્રમાં ઉપરી અધિકારીઓ તથા વડીલોનું વિશેષ સહયોગ, માગદર્શન મળી રહેશે.

### ચિરવિદાય

- સ્વ. ચેહુજી શિવાજી બિહોલા (ઉ. વ.૭૫) મુ.પો. મઘોડી, તા., જિ. ગાંધીનગર
- સ્વ. ડાહીબેન મગનલાલ આચાર્ય(ઉ. વ.૯૧) બ્લોક નં. ૯૬૦/૧, સેકટર- ૪/ડી, ગાંધીનગર
- સ્વ. ગાયત્રીબા ગીરધારીસિંહ પરમાર (ઉ. વ.૬૫) બ્લોક નં. એફ-૩/૧,વિજય એપાર્ટમેન્ટ, મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અંકીબેન પુરસોતમદાસ પ્રજાપતિ (ઉ. વ.૬૦) બ્લોક નં. ૧૪૯, સર્વોદય નગર, સેકટર- ૩૦, ગાંધીનગર

બેસણું :
સ્વ. પ્રતિમાબેન હરેશભાઈ નિમાવત
તા. ૧૪-૫-૨૦૧૨ના રોજ સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાકે, હસમુખભાઈ ટાવર્સ, પોલીસ સ્ટેશન સામે, રામબાગ મણીનગર, અમદાવાદ ખાતે રાખેલ છે.

## પ્રખર ગરમીમાં સૂકાઈ રહેલી વેલને પાણીનું સિંચન થયું અને વેલ ફરી પાંગરી ઊઠી

**સંબંધ સજાવે જિંદગી**
**સાસુ–વહુના પ્રેમની અજબ કહાની**
- પોપટલાલ એસ. પ્રજાપતિ
gsrelation@yahoo.com

'સાસુ'એ સદીઓથી વગોવાયેલું પાત્ર છે. પરણીને સાસરે આવતી પ્રત્યેક કન્યા મનમાં સંદેહ લઈને આવે છે કે જબરી હશે સાસુ ? અને સાસુને પણ એ ભય હોય છે કે આવનારી ક્યાંક મારા દીકરાને મારી પાસેથી છીનવી ન લે, પરસ્પરનો આ સંદેહ સાસ- વહુના ઝઘડામાં પરિણમે છે. આવા ઝઘડાથી મોટા પરિવારો પણ બાકાત નથી. મેનકા ગાંધી અને સાસુમા ઈન્દિરાગાંધીને બોલવાના સંબંધ ન હોતા. લેડી ડાયના અને સાસુ મહારાણી વિકટોરીયા વચ્ચે હંમેશા તનાવ રહ્યા કરતો. પણ અફાટ રણમાં ક્યાંક મીઠી વીરડી જેવા સાસુ વહુના સ્નેહભીના સંબંધો સાંસારીક સંબંધોને મહેંકતા કરવા માટે પ્રેરણા રૂપ બની રહે છે. વાત છે સેકટર-૨૮ જી.આઈ.ડી.સી.માં રહેતા રોહિણીબેન હર્ષદભાઈ ભટ્ટ અને તેમના પુત્રવધૂ સંહિતાની. રોહિણાબેનને એક પુત્ર અને એક પુત્રી. ઘરની રોનક જેવી પુત્રી રોનક પરણાવી અને હાલ અમેરિકામાં સ્થાયી થઈ છે. રોનકને વિદાય કરી ત્યારથી રોહિણાબેનને જીવનમાં ખાલીપો લાગવા માંડયો, લાગણીભીનું હૃદય ક્યારેક ઘરના ખૂણે આંસુ સારી લેતું. પણ દીકરો નૈતિક ઉંમરલાયક થતાં તેના માટે સુંદર, સુશીલ અને ખાનદાન કન્યાની પસંદગી થઈ. પરણ્યા પહેલા કન્યા સાસરે આવી ત્યારે રોહિણાબેને તેને દરવાજા પાસે ઉભી રાખી તેના કંકુ પગલા કર્યા અને કંકુ પગલે ઘરમાં પુજાના રૂમ સુધી લઈ ગયા. અને માતાજીના આગળ પ્રણામ કરી કહ્યું કે, હે મા જગદંબા, આજથી મારા ઘરમાં ગૃહલક્ષ્મીનો પ્રવેશ થયો છે. તેને આશીર્વાદ આપો. અને રોહિણાબેન એ ક્ષણથી જ સાસુ બન્યા. કોઈકે તેમને પૂછ્યું , રોહિણાબેન તમે તો એક દિકરીને વિદાય કરી અને બીજી દિકરી લાવ્યા. ત્યારે સાસુમાએ પોતાની આગવી ફિલોસોફી રજૂ કરતાં કહ્યું ના, ના મારી સંહિતાને દિકરી કહી મારે પાપમાં નથી પડવું. કારણ કે એ તો મારા દીકરાની ધર્મપત્ની છે. સંહિતા મારી દીકરી કરતાં પણ ચઢીયાતી મારી ગૃહલક્ષ્મી છે. દિકરીને કોઈવાર ઠપકો પણ આપીએ. ગૃલક્ષ્મીને કદી જાકારોય ન અપાય, એના હૃદયને કદી ઠેસ ન પહોંચાડાય. મારી ગૃહલક્ષ્મીના પાવનકારી પગલાંથી ઘરની રોનક એની અસ્મિતા અને ગૌરવને ચાર ચાંદ લાગશે. ઘર પવિત્ર બનશે. મારી ગૃહલક્ષ્મી અમારી પરિવારને ઉજાળશે. અને સંહિતાના હૃદયમાં આ શબ્દોએ જાદુઈ અસર કરી. તેના મનની સાસુ પ્રત્યેની ભ્રમણા ભાગીને ભુક્કો થઈ ગઈ. લોકો સાસુને ખોટી વગોવે છે. અહિં તો મમતાનું કલકલ ઝરણું વહી રહ્યું છે. અને પછી તો દિકરા નૈતિકના ઘડીયા લગ્ન લેવાયા અને સંહિતાએ ગૃહલક્ષ્મી બની ઘરમાં પ્રવેશ કર્યો. હવે સાસુ અને વહુ એટલા પ્રેમથી રહે છે કે સાસુમાએ કયારેય ઉંચા અવાજે સંહિતાને ઠપકો નથી આપ્યો કે સાસુમાની સેવા કરવામાં સંહિતાએ ક્યારેય મોં નથી મચકોડ્યું. સંહિતા કહે છે હું મમ્મી સાથે ક્યારેક ઝઘડું છું, પણ તે જમવાની બાબતમાં, કારણ કે મમ્મીને ૩૦૦ ડાયાબિટીસ છે. વાની તકલીફ છે એટલે તેમની તબિયત ન બગડે તેની મને ચિંતા છે. સાસુમાની તબિયત સારી ન હોવાથી સંહિતા ક્યારેય પિયર જવાની બહુ જિંદ પણ નથી કરતી. ક્યારેક શારીરિક તકલીફને કારણે સાસુમાને દર્દ થાય તો સંહિતાની આંખના ખૂણા ભીના થઈ જાય છે. એટલી બધી લાગણીશીલ છે સમય જતાં પુત્ર નૈતિક ડેનમાર્કમાં કમાવા ગયો. એકાદ વર્ષ પછી સંહિતા પણ ગઈ. સાસુમા એકલા પડ્યા. છ મહિના પછી તેમના પતિ હર્ષદભાઈ ભટ્ટની તબિયત બગડતાં હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. ફોઈ દ્વારા આ સમાચાર સંહિતાને મળ્યા તેણે પતિને કહ્યું ઈન્ડિયામાં પપ્પા-મમ્મીની તબિયત સારી ન હોય અને આપણે તેમનાથી હજારો માઈલ દુર રહીએ તે કેટલું વ્યાજબી છે? મમ્મી શું કરતી હશે ? અને બે જ દિવસમાં માતા-પિતાની સેવા કરવા ઈન્ડિયા પરત આવવાનો પતિ-પત્નિએ નિર્ણય લીધો. સીધા જ હોસ્પિટલે આવી સજળ નયને સંહિતા એટલું જ બોલી, બસ હવે તમને મુકીને હું ક્યાંય નહિ જાઉં. અને સાસુમાની આંખમાં ઝળઝળિયા આવ્યા. પ્રખર ગરમીમાં સુકાઈ રહેલી વેલને પાણીનું સિંચન થયું અને વેલ ફરી પાંગરી ઉઠી. સંસ્કાર અને સંવેદનાની ટેબ્લેટ ક્યાં મળતી હશે ? સંહિતાને આનુ સરનામુ પુછવું પડશે. રોહિણાબેન અને સંહિતાના સાસુ વહુના સંબંધોની મીઠાશ માણવા જેવી ખરી કે નહિ?..

